# ૧ સપ્ટેમ્બર –૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) વન–ડે ક્રિકેટનો સૌથી મોટો સ્કોર :**

- તાજેતરમાં ઇંગ્લેન્ડે પાકિસ્તાન સામેની વન–ડે મેચમાં ક્રિકેટનો સૌથી મોટો સ્કોર બનાવી ઇતિહાસ રચ્યો હતો.
- ઇંગ્લેન્ડની ટીમે ૫૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી ૪૪૪ રન બનાવ્યા હતાં.
- ઇંગ્લેન્ડના ઓપનર અલેક્સ હેલ્સે ૧૨૨ બોલમાં ચાર સીક્સ અને ૨૨ ફોરની મદદથી ૧૭૧ રન બનાવ્યા હતા જે ઇંગ્લેન્ડ તરફથી સૌથી ઉચ્ચ વ્યક્તિગત સ્કોર છે.
- વનડે ઇતિહાસમાં સૌથી વધુ સ્કોરનો આ રેકોર્ડ શ્રીલંકાનો નામ હતો (૪૪૩ રન)

**(૨) ઓલ ઇન્ડિયા રેડિયો પર બલુચ ભાષા :**

- ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા આગામી ટૂંક સમયમાં બલુચ ભાષામાં કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.
- કેન્દ્ર સરકાર દ્વારા આ દરખાસ્તને મંજુરી આપી દેવાઇ છે.
- હવે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ‘મન કી બાત’ બલુચ ભાષામાં પણ સાંભળી શકાશે.
- માનવ અધિકારભંગ અને આઝાદીની માગણી સાથે બલુચિસ્તાનમાં હાલ પાકિસ્તાન વિરોધી દેખાવો થઇ રહ્યા છે.
- બલૂચિસ્તાન હાલમાં પાકિસ્તાનનો એક ભાગ છે.

**(૩) લાયન રોક – ચક્રવાત :**

- જાપાનમાં ત્રાટકેલ ભયાનક ચક્રવાતી તોફાન.

પ્રશ્નો :

(૧) ઇન્ટરનેશનલ વન–ડે ક્રિકેટમાં સૌથી વુધ સ્કોર કઇ ટીમનો છે ?
- ઇંગ્લેન્ડ

(૨) કઇ ટીમ વિરૂદ્ધ ઇંગ્લેન્ડે વન–ડે માં સૌથી મોટો સ્કોર નોંધાવ્યો છે ?
- પાકિસ્તાન

(૩) ઇંગ્લેન્ડે પાકિસ્તાન વિરૂદ્ધ વન–ડે ઇતિહાસનો સૌથી મોટો કેટલો સ્કોર નોંધાવ્યો
- ૪૪૪ રન

(૪) ઇંગ્લેન્ડ પહેલા અગાઉ વન–ડે ઇતિહાસમાં સૌથી મોટો સ્કોર કઇ ટીમના નામે હતો ?
- શ્રીલંકા ૪૪૩ રન

(૫) ઓલ ઇન્ડિયા રેડીયો પર ટૂંક સમયમાં કઇ ભાષામાં કાર્યક્રમ શરૂ કરવાની કેન્દ્ર સરકારે છૂટ આપી ?
- બલૂચ ભાષા

(૬) બલૂચીસ્તાન ક્યાં દેશમાં આવેલું છે ?
- પાકિસ્તાન

(૭) જાપાનમાં આવેલ ભયાનક ચક્રવાત ?
- લાયન રોક

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧